પોલીસ ખાતાના અધિકારીઓ/
કર્મચારીઓના ઈનામના બિલો અંગે

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી(ગુજરાત રાજ્ય)
"વિમા અને લેખા ભવન"બ્લોક નં.૧૭,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
ક.હિતિનિ/ટીસી/ફા.નં. ૧૦૫/૨૧૧૯-૪૮ તારીખ :૫/૦૪/૨૦૧૨

વંચાણે લીધા:- ૧) અત્રેના તા.૮/૫/૨003 ના પરિપત્ર નં.હિતિનિ/ટીસી/ફા.૧૦૫/જનરલ/૧૩૪૬
૨) અત્રેના તા.૨૪/3/૨00૪ ના પત્ર નં.હિતિનિ/ટીસી/ફા.૧૦૫/જનરલ/૬૧૫

## પરિપત્ર નં. ૪/૨૦૧૨

આથી તમામ પગાર અને હિસાબી અધિકારીશ્રી/જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓને જણાવવાનુ કે અત્રેના વંચાણ મા લીધેલ પરિપત્ર/પત્રથી પોલીસ ખાતાના અધિકારી /કર્મચારીઓને આપવામા આવતા ઈનામોના બિલો મંજુર કરવા અંગે કેટલીક સુચનાઓ આપવામા આવેલ હતી.જે અંગે ફરીથી નીચે મુજબની સુચનાઓ આપવામા આવે છે.

- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગાંધીનગરના તા.૮/3/૨00૪,તા.૧૧/3/૨00૪,અને તા.૨૪/૧૨/૨003 (નકલ સામેલ છે) ના પરિપત્રોથી પોલીસ ખાતા દ્વારા તેઓના અધિકારી /કર્મચારીઓને આપવામા આવતા ઈનામો કેવા સંજોગોમા અને ક્યા પ્રકારની કામગિરી માટે મંજુર કરવા જોઈએ તેની સ્પષ્ટ સુચનાઓ આપવામા આવેલ છે.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગાંધીનગરના તા.૧૮/૮/૨00૮ ના પરિપત્રથી(નકલ સામેલ છે) પણ આ અંગે ફરીથી સુચનાઓ આપવામા આવેલ છે.
- પોલીસ મેન્યુઅલના નિયમ-૨૯૫ મા ખરેખર અપવાદરૂપ કિસ્સાઓમા વિશિષ્ટ કામગિરી માટે જ ઈનામો આપવાની જોગવાઈ છે.
- આથી પોલીસ ખાતા દ્વારા રજુ કરવામા આવતા **પોલીસ અધિકારીઓ/કર્મચારીઓના ઈનામોના બિલોમા સામેલ હુકમોમા કરાયેલ કામગિરી કેવી રીતે સામાન્ય ફરજનો ભાગ નથી અને કઈ દ્રુષ્ટિએ વિશિષ્ટ/અસાધારણ અપવાદરૂપ ગણવાને પાત્ર છે?** તેની ચોક્કસ વિગતો પુરી પાડવામા ન આવેલ હોય તો તેવા બિલો મંજુર નહી કરવા જણાવવામા આવે છે.
- ઉકત સુચનાઓ તાબા હેઠળના પેટા તિજોરી અધિકારીઓને પણ પરિપત્રિત કરવી.

બિડાણ:- ઉપર મુજબ

નિયામક

<u>નકલ રવાના:-</u>

૧. પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબી અધિકારીની કચેરી, અમદાવાદ / ગાંધીનગર
૨. શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, .............................. (તમામ)
૩. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર તરફ જાણ અર્થે

☎ : (૦૭૯) ૩૨૩૮૨૦૯ (ફેક્સ)
૩૨૩૮૨૬૬ (નિયામક)
૩૨૩૮૨૭૪ (સંયુક્ત નિયામક)
૩૨૩૮૧૨૯ (નિરીક્ષક)
૩૨૫૪૫૦૬ (રહસ્ય સચિવ)

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય
''વીમા અને લેખા ભવન''
ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ, બ્લોક નં. ૧૭,
સેક્ટર--૧૦/બી, એમ. એલ. એ. ક્વાર્ટર સામે,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦.

તારીખ : ૨૪/૩/૦૪

નં.હિતિનિ–ટીસી–ફા.૧૦૫–જનરલ– ૬૧૫

પ્રતિ,
શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
.........................................
.....તમામ તિજોરી/પેટા તિજોરી

વિષય:– પોલીસ ખાતાના અધિકારી/કર્મચારીઓના ઈનામના બીલો પાસ કરવા અંગે.

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગાંધીનગરના તા.૮–૩–૦૪ અને તા.૧૧–૩–૦૪ ના પત્ર નં.જી–૧–સી–ટે.૩–ઈનામ–૭૬૨ અને ૮૨૦ ની નકલ આ સાથે મોકલતા જણાવવાનું કે, પોલીસ ખાતા ધ્વારા તેઓના અધિકારી/કર્મચારીઓને આપવામાં આવતા ઈનામો કેવા સંજોગોમાં અને કયા પ્રકારની કામગીરી માટે મંજુર કરવા જોઈએ તે અંગે તેઓના તા.૨૪–૧૨–૦૩ ના પરિપત્રથી સ્પષ્ટ સુચનાઓ આપેલ છે. જેમાં પોલીસ મેન્યુઅલના નિયમ–૨૬૫ અન્વયે ખરેખર અપવાદરૂપ કિસ્સાઓમાં વિશિષ્ટ કામગીરી માટે જ ઈનામો આપવા માટે જણાવેલ છે. આથી પોલીસ ખાતા ધ્વારા રજુ કરવામાં આવતા પોલીસ અધિકારીઓ/કર્મચારીઓના ઈનામોના બીલોમાં સામેલ હુકમોમાં કરાયેલ કામગીરી કેવીરીતે સામાન્ય ફરજનો ભાગ નથી અને કઈ દ્રષ્ટિએ વિશિષ્ટ/અસાધારણ/અપવાદરૂપ ગણવાને પાત્ર છે તેની ચોક્કસ વિગતો પુરી પાડવામાં આવેલ ન હોય તો તેવા બિલો મંજુર નહી કરવા જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

બિડાણ :– ઉપર મુજબ.

(ડી.એસ.વણસોલા)
નાયબ નિયામક(તિ.નિ.).

EMail Address :
DIRECTOR ▸ dir-dat@gujarat.gov.in ▸ JOINT DIR

ક્રમાંક:ડી/ઈનામ/ 1311 /03
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
ગુજરાત રાજય, ગાંધીનગર
તા.૨૪/૧૨/૨૦૦૩

વિષય :- ઇનામો મંજૂર કરવા અંગેના હુકમો

<u>પરિપત્ર :-</u>

પોલીસ નિરીક્ષક અને તેનાથી ઉતરતી કક્ષાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને કેવા સંજોગોમાં ઇનામો આપી શકાય છે તેની વિગતો ગુજરાત પોલીસ મેન્યુઅલ, ભાગ-૧ના નિયમ ૨૬૫ના પેટા નિયમો ૧(એ) અને ૧(બી) માં નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. અત્રેની કચેરીના ધ્યાન ઉપર આવેલ છે કે કેટલાક કેસોમાં આ નિયમોની અવગણના કરીને, પોલીસ દળના અધિકારીઓ/કર્મચારીઓને તેઓની સામાન્ય ફરજના ભાગ રૂપે બજાવવાની થતી રોજીંદી પ્રકારની ફરજો ને 'પ્રશંસનીય કામગીરી' તરીકે ઓળખાવી, 'પ્રોત્સાહન રૂપે' ઇનામ મંજુર કરી દેવામાં આવે છે, જે બાબત સરકારી નાણાં ના દુરૂપયોગ ગણવાને પાત્ર રહે છે. ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંકઃ મહક-૧૦૯૮-૫૨૮(૧)-ઇ, તા.૨૦-૮-૯૯ માં પણ સ્પષ્ટતા કરાયેલ છે કે ઇનામો "ખરેખર અપવાદરૂપ કિસ્સાઓમાં સારી કામગીરી માટે જ" આપવાના રહે છે. તે ઉપરાંત, ઇનામના હુકમોમાં નિયમ ૨૬૫(૧)(સી) અને ૨૬૫(૨) માંની જોગવાઇઓ ની અવગણના પણ ન થવી જોઇએ અને ઇનામના હુકમો વિગતવાર તેમજ સ્વયં-સ્પષ્ટ હોવા જોઇએ.

૨. ઉપરોકત વિસંગતિ નિવારવા માટે, હવે પછી જે ઇનામના હુકમો કરવામાં આવે તેમાં

(અ) જે વિશિષ્ટ કામગીરી કે કારણ સબબ સક્ષમ અધિકારીએ ઇનામ આપવાનું વાજબી ગણેલ છે, તેનો સ્પષ્ટ ઉલ્લેખ ઇનામ અંગેનાં હુકમમાં જ કરવાનો રહેશે;

(બ) એક થી વધુ અધિકારી / કર્મચારીને ઇનામ આપવામાં આવેલ હોય તો તે દરેક અધિકારી / કર્મચારીએ ભજવેલ ભાગનો સ્પષ્ટ ઉલ્લેખ પણ હુકમમાં જ અચૂક કરવાનો રહેશે; અને

(ક) અપાયેલ ઇનામ ગુજરાત પોલીસ મેન્યુઅલના નિયમ ૨૬૫ (૧)(એ)(i) થી (v) અને / કે ૨૬૫(૧)(બી) પૈકી કયા કયા પેટા નિયમ તળે આવરી લેવાને પાત્ર છે, તેનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

૩. ઉપરોકત સૂચનાઓની અવગણના કરીને આપવામાં આવનાર ઇનામો મંજુર થવાને પાત્ર રહેશે નહિ અને તેવા અયોગ્ય હુકમો કરનાર અધિકારી જાણી જોઇને ખાતાકીય નિયમોની અવગણના તેમજ સરકારી નાણાંના દુરૂપયોગની કસુર માટે પણ જવાબદાર ગણાશે, જેની નોંધ લેવા વિનંતિ છે.

૪. <u>પરિપત્ર મળ્યા બદલની પહોંચ પાઠવવા</u> તેમજ આપના તાબાના ઇનામ આપવા માટે સક્ષમ હોય તેવા <u>તમામ અધિકારીઓને નકલ પૂરી પાડી,</u> અમલ કરાવવા વિનંતિ છે.

**"પોલીસ મહાનિદેશકશ્રીના હુકમથી"**

( પી.સી.પાંડે )
અધિક પોલીસ મહાનિર્દેશક
(વહીવટ), ગુજરાત રાજય,
ગાંધીનગર

પ્રતિ,
- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ ખાસ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ, અત્રેની કચેરી
- ખાસ પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઓપરેશંસ), એ.ટી.એસ., ગુ.રા., અમદાવાદ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ (પ.રેલ્વે, વડોદરા સહિત)
- પોલીસ અધિક્ષકશ્રી, વિજીલન્સ શાખા, અત્રેની કચેરી

<u>નકલ સવિનય રવાના :-</u>
- નિયામકશ્રી
હિસાબ અને તિજોરીઓ, ગુજરાત રાજય,
વીમા અને લેખાભવન,
ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ, બ્લોક નંબર ૧૭,

ક્રમાંકઃજી–૧/સી/ ટે.૩/ઈનામ/252 /૦૪
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
ગુજરાત રાજય, પોલીસ ભવન, સેક્ટર ૧૮,
ગાંધીનગર–૩૮૨ ૦૧૮.
તા. [illegible].૩.૨૦૦૪

[illegible]
10 MAR 2004

[illegible]ાદી :–

અત્રેની કચેરીએ પ્રતિનિયુકિત પર ફરજ બજાવતા એસ.આર.પી.ના ડ્રાઈવરો અને જવાનોને રેકર્ડ [illegible]કરણ કરીને [illegible] રેકર્ડની યાદી તૈયાર કરવા બદલ, વ્યવસ્થિત રીતે ફાઈલો નિભાવવા બદલ, ડ્રાઈવરની [illegible] ખૂબ જ સુંદર તથા ખંતથી કરવા બદલ, ગનમેન તરીકેની કામગીરી ખૂબ જ પ્રશંસનીય રીતે/નિષ્ઠા પૂર્વક/ખંતથી કરવા બદલ, વગેરે જેવાં મોઘમ કારણોસર ઈનામ મંજૂર કરી સંબંધિત સેનાપતિશ્રીને રાજય અનામત પોલીસ દળ નિયમો, ૧૯૫૯ ના નિયમ ૫૩ ની જોગવાઈ તળે ઈનામનો હુકમ બહાર પાડવા જણાવવામાં આવે છે, જે ઈચ્છનીય નથી. અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક ડી/ઈનામ/એસઆરપી/જવાન/૧૭૫૯/૦૩, તા. ૧૨.૧૨.૨૦૦૩ માં જણાવ્યા મુજબ અત્રેથી સંબંધિત જવાનોની વિશિષ્ટ કામગીરીની વિગતો દર્શાવી, ઈનામ આપવાની ભલામણ સંબંધિત સેનાપતિશ્રી તરફ મોકલવાની રહે છે અને તેઓને અત્રેથી મંજૂર કરાયેલ ઈનામનો હુકમ બહાર પાડવાની ફરજ પાડી શકાય નહી.

તે ઉપરાંત, અત્રેથી મોકલવાની થતી આવી દરખાસ્ત અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક ડી/ઈનામ/૧૩૧૧/૦૩, તા. ૨૪.૧૨.૨૦૦૩ ને અનુરૂપ હોવી પણ આવશ્યક છે, જેમાં જણાવ્યા મુજબ ખરેખર અપવાદરૂપ કિસ્સાઓમાં વિશિષ્ટ કામગીરી માટે જ ઈનામ આપી શકાય છે. સામાન્ય ફરજના ભાગરૂપે બજાવવાની થતી રોજીંદી કામગીરીને 'ખૂબજ સુંદર', 'ખંતથી', 'પ્રશંસનીય રીતે', વગેરે જેવાં વિશેષણોથી બિરદાવી, કોઈ ઈનામ આપી શકાય નહી. તેવી જ રીતે, સવાલ હેઠળની કામગીરી કેવી રીતે વિશિષ્ટ છે અને ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ–૧ના નિયમ ૨૬૫(૧) (એ)(i) થી (v) અને/ કે ૨૬૫ (૧) (બી) પૈકી કયા કયા પેટા નિયમો તળે આવરી લેવાને પાત્ર છે તેનો પણ સ્પષ્ટ ઉલ્લેખ સદરહુ દરખાસ્તમાં કરવાની જરૂર રહેશે.

હવે પછી ખરેખર વિશિષ્ટ અને અપવાદરૂપ કામગીરી સિવાય ઈનામના હુકમો ન કરવા કે સેનાપતિશ્રીઓને તે માટે ઈનામની ભલામણ નહી કરવા નોંધ લેવા વિનંતિ છે. ભવિષ્યમાં ઈનામ અંગેની આવી તમામ દરખાસ્તો અને ઈનામના તમામ હુકમો અત્રેની જી–૧ શાખા મારફતે જ રવાના કરવાના રહેશે કે જેથી આ સૂચનાઓની અવગણના થયેલ હોવાની સ્થિતિમાં પોલીસ મહાનિદેશકશ્રીનું ધ્યાન દોરી શકાય.

(અ.કુ.ભાર્ગવ)
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી,
ગુ.રા., ગાંધીનગર

પ્રતિ
–તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ, અત્રેની કચેરી
–તમામ ખાસ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ, અત્રેની કચેરી
–પોલીસ અધિક્ષકશ્રી, વીજીલન્સ શાખા, અત્રેની કચેરી

નકલ રવાના :

–અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, ગુજરાત રાજય, ગાંધીનગર.
–નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજય, વિમા અને લેખા ભવન, ડો. જીવરાજ મહેતા ભવન સંકુલ, બ્લોક નં. ૧૭, સેકટર ૧૦ બી, એમ. એલ.એ. કવાર્ટર્સ સામે, ગાંધીનગર. ૩૮૨ ૦૧૦.
–નાયબ પોલીસ અધિક્ષકશ્રી, સ્ટેટ કંટ્રોલ રૂમ
૨/ રોજીંદી ફરજો માટે ઈનામ–પત્રકો નહી ભરવા નોંધ લેવા સારૂં
–હિસાબ શાખા/ જી–૧ શાખા, અત્રેની કચેરી

Sm. Patel

ક્રમાંકઃજી–૧/સીટિ–૩/ઈનામ/ ૮૨૭ /૦૪
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, સેક્ટર ૧૮,
ગાંધીનગર–૩૮૨ ૦૧૮.
તા. ૧૧.૩.૨૦૦૪

## વિષય : એસ. આર. પી. ના અધિકારીઓને ઈનામ આપવા અંગે

પરિપત્ર :

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક ડી/ઈનામ/એસ.આર.પી./જવાન/૧૭૫૯/ ૩, તા. ૧૨.૧૨.૨૦૦૩ આથી રદ કરવામાં આવે છે અને તે અંગે નવેસરથી નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

૨. રાજ્ય અનામત પોલીસ દળ નિયમો, ૧૯૫૯ ના નિયમ ૫૨ માં જણાવ્યા મુજબ રાજ્ય પોલીસ દળના અધિકારીઓને ઈનામ આપવા અંગે ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ–૧ના નિયમ ૨૬૫માંની જોગવાઈઓ રાજ્ય અનામત પોલીસ દળના અધિકારીઓને પણ લાગુ પડતી હોવાથી, તે બાબતે અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક ડી/ઈનામ/૧૩૧૧/૦૩, તા. ૨૪.૧૨.૨૦૦૩ (નકલ સામેલ છે)થી અપાયેલ સૂચનાઓ રાજ્ય અનામત પોલીસ દળના અધિકારીઓને આપવામાં આવતા ઈનામના હુકમોના સંદર્ભમાં પણ લાગુ પડશે.

૩. રાજ્ય અનામત પોલીસ દળ નિયમો, ૧૯૫૯ ના નિયમ ૫૩ માં રાજ્ય અનામત પોલીસ દળના અધિકારીઓને જુદા જુદા કારણોસર ઈનામ આપવા માટે સક્ષમ અધિકારીઓ નિર્દિષ્ટ કરવામાં આવેલ હોઈ, રાજ્ય અનામત પોલીસ દળના અધિકારીઓને ઈનામ આપતી વખતે અત્રેની કચેરીના તા. ૨૪.૧૨.૨૦૦૩ ના પરિપત્ર ઉપરાંત નિયમ ૫૩ માંની જોગવાઈઓ પણ પરિપૂર્ણ કરવાની રહેશે. તે રીતે, ગુજરાત પોલીસ મેન્યુઅલ, ભાગ–૧ના નિયમ ૨૬૫માંની જોગવાઈઓ અન્વયે રાજ્ય અનામત પોલીસ દળના અધિકારીઓને તેઓના સેનાપતિ અને હથિયારી એકમોના અન્ય પ્રવર અધિકારીઓ માત્ર નીચે મુજબના ત્રણ કારણોસર ઈનામ આપી શકશે.

i) જેનાથી પોલીસ દળની કાર્યક્ષમતા વધવા સંભવ હોય તેવું "સારૂં કામ", "<u>વિશિષ્ટ રીતે</u>" કરવા બદલ ( Outstandingly good work calculated to increase the efficiency of the force),
ii) સારી માર્કસમેનશિપ ( Good marksmanship ) માટે, અને / કે
iii) અસાધારણ સ્માર્ટનેસ (Extraordinary smartness) માટે.

૪. ઉપરોક્ત મુદ્દાઓ મુખ્યત્વે ગુજરાત પોલીસ મેન્યુઅલ, ભાગ–૧ ના નિયમ ૨૬૫ ના પેટા નિયમ ૧(એ) (V) તળે આવરી લેવામાં આવેલ છે, જેથી જ્યારે જ્યારે <u>હથિયારી એકમો સિવાયના કોઈ પણ અધિકારીને</u> તેઓના હસ્તક મૂકાયેલ રાજ્ય અનામત પોલીસ દળના કોઈ અધિકારીને ઉપરોક્ત મુદ્દાઓ સબબ ઈનામ આપવાનું વાજબી જણાય, ત્યારે પોતે ઈનામનો હુકમ કરવાને બદલે તેઓએ તે અધિકારીની "વિશિષ્ટ" કામગીરી, "અસાધારણ સ્માર્ટનેસ", વગેરેની સંપૂર્ણ વિગતો સહિત ઈનામ અંગેની પોતાની ભલામણ સંબંધિત સેનાપતિશ્રી તરફ મોકલી આપવાની રહેશે. તે પ્રમાણેની દરખાસ્ત મળેથી, સંબંધિત સેનાપતિશ્રી નિર્દિષ્ટ કરાયેલ કામગીરી ખરેખર "વિશિષ્ટ" છે કે રાજ્ય અનામત પોલીસ દળના અધિકારીઓએ બજાવવાની થતી કામગીરીનો ભાગ છે, વગેરે બાબતો અંગે ચકાસણી કરી, ઈનામની રકમ અને ઈનામ આપવા કે નહિ આપવા અંગે નિર્ણય લઈ, યોગ્ય આદેશ કરી શકશે.

૫. રાજ્ય અનામત પોલીસ દળ નિયમો, ૧૯૫૯ ના નિયમ ૫૩ માં જણાવ્યા મુજબ ગુનાના અન્વેષણ અંગે કરાયેલ વિશિષ્ટ કામગીરી, ગુનેગારની ધરપકડ અંગે કરાયેલ અપવાદરૂપ વિશિષ્ટ કામગીરી, ગુના શોધવામાં મદદરૂપ થતી અગત્યની માહિતી મેળવવાની વિશિષ્ટ કામગીરી, વગેરે બાબતો અંગે હથિયારી એકમોના અધિકારીઓ ઈનામો આપવા સક્ષમ નથી. આ મુદ્દાઓ મુખ્યત્વે ગુજરાત પોલીસ મેન્યુઅલ, ભાગ–૧ ના નિયમ ૨૬૫ ના પેટા નિયમ ૧(એ) (i) અને (ii) તળે આવરી લેવામાં આવેલ છે, જેથી તે પેટા નિયમો મુજબની અપવાદરૂપ, અસાધારણ કે વિશિષ્ટ કામગીરી જે પોલીસ કમિશનર/પોલીસ અધિક્ષકશ્રીના શહેર/જિલ્લામાં કરાયેલ હશે, તે પોલીસ કમિશનર/પોલીસ અધિક્ષકશ્રી જ રાજ્ય અનામત પોલીસ દળના અધિકારીઓને ઈનામ આપી

શકશે. તે પેટા નિયમો તળે ઈનામ મંજૂર કરવા સેનાપતિશ્રી કે હથિયારી એકમોના અન્ય કોઈ પણ પ્રવર અધિકારી અધિકૃત નથી, જેની હથિયારી એકમોના અધિકારીશ્રીઓએ નોંધ લેવી. ગુજરાત પોલીસ મેન્યુઅલ, ભાગ-૧ના નિયમ ૨૬૫ના બાકી રહેતા પેટા નિયમો, એટલે કે પેટા નિયમો ૧(એ) (iii) અને (iv) માંની જોગવાઈઓ રાજ્ય અનામત પોલીસ દળના અધિકારીઓને લાગુ પડતી ન હોવાથી, તે અંગે તેઓને કોઈ ઈનામ આપવાના રહેતા નથી.

૬. રાજ્ય અનામત પોલીસ દળ નિયમો, ૧૯૫૯ ના નિયમ ૫૩ માંની ઉપરોક્ત જોગવાઈઓને લક્ષમાં રાખી, રાજ્ય અનામત પોલીસ દળના અધિકારીઓએ વાયરલેસ ઓપરેટર, ડ્રાઈવર, ગનમેન, રનર, વગેરેની સામાન્ય ફરજોના ભાગરૂપે બજાવવાની થતી રોજીંદી કામગીરીને 'ખૂબજ સુંદર', 'ખંતથી', 'પ્રશંસનીય રીતે', વગેરે જેવા બિનજરૂરી વિશેષણોથી બિરદાવી, ઈનામો આપવાની કે તે માટે હથિયારી એકમોને દરખાસ્ત કરવાની વાંધાજનક પધ્ધતિ નહી અપનાવવા નોંધ રાખવા વિનંતિ છે. તે જ રીતે, ચૂંટણી, કોમી હુલ્લડો અને હોનારતો દરમિયાન બંદોબસ્તની કામગીરી રાજ્ય અનામત પોલીસ દળ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨(એ) પ્રમાણે રાજ્ય અનામત પોલીસ દળના અધિકારીઓની સક્રિય ફરજનો એક ભાગ છે અને તે માટે ડિપ્લોયમેન્ટ કે તે મુજબની સામાન્ય ફરજ બજાવવા માત્રથી કોઈ ઈનામ આપવાને પાત્ર રહેતા નથી. તે ઉપરાંત, ચૂંટણી, કોમી હુલ્લડો અને હોનારતો દરમિયાન રાજ્ય અનામત પોલીસ દળના અધિકારીઓને હુલ્લડ, શાંતિનો ભંગ અથવા જીવન કે મિલકતનો ભય હોય તેવા ગુનાઓ રોકવાના આશયથી સ્થાનિક પોલીસની મદદ માટે મૂકવામાં આવે છે, અને <u>તેવી ફરજોના સંદર્ભમાં, તેઓએ પોલીસ દળની કાર્યક્ષમતા વધવા સંભવ હોય તેવું અસાધારણ કે સારું કામ ખરેખર "વિશિષ્ટ રીતે" કરેલ હોવાનું બનવા પામેલ હોય તે સિવાય</u>, સેનાપતિ કે હથિયારી એકમોના અન્ય કોઈ પણ પ્રવર અધિકારી ઈનામ અંગેનો આદેશ કરવા અધિકૃત નથી.

૭. ઉપર કરાયેલ સ્પષ્ટતાના અનુસંધાને, હવે પછી <u>ખરેખર વિશિષ્ટ અને અપવાદરૂપ કામગીરી સિવાય</u> સક્ષમ અધિકારીઓ તરફથી ઈનામ આપવાની કાર્યવાહી ન થાય તે તમામે જોવાનું રહેશે. આ પરિપત્ર અને ઉપર નિર્દિષ્ટ કરેલ તા. ૨૪.૧૨.૨૦૦૩ ના પરિપત્રની અવગણનાની બાબત સરકારી નાણાંનો દુરૂપયોગ ગણી, આગળની શિક્ષાત્મક કાર્યવાહી માટે પૂરતું કારણ ગણવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતિ છે.

૮. ઉપરોક્ત પરિપત્રની પહોંચ પાઠવવા તેમ જ આપના તાબાના ઈનામ આપવા માટે સક્ષમ અધિકારીઓ સુધી પહોંચતા કરી, ચુસ્ત પણે અમલ કરાવવા વિનંતિ છે.

બિડાણ : ઉપર મુજબ

સહી/-

(અ.કુ.ભાર્ગવ)
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ
- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ, ગુજરાત રાજ્ય.
- તમામ પોલીસ કમિશનરશ્રીઓ.
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- ખાસ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ (રેન્જ વડા સિવાય).
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ (વેસ્ટ પોલ સહિત).
- તમામ સેનાપતિશ્રીઓ.
- નાયબ પોલીસ અધિક્ષકશ્રી, એસ.સી.આર.
- અત્રેની કચેરીની તમામ શાખાઓ અને સેલ.

<u>નકલ સવિનય રવાના :</u>
- અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- નિયામકશ્રી, ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશન.
- જેલોના ઈન્સપેક્ટર જનરલશ્રી, કેશવનગર, સાબરમતી, અમદાવાદ.
- કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ, ગુ.રા., અમદાવાદ.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગ શાળા, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૨/ ઈનામના જે હુકમોમાં કરાયેલ કામગીરીની અને કરાયેલ કામગીરી કેવી રીતે સામાન્ય ફરજનો ભાગ નથી અને કઈ દ્રષ્ટિએ " વિશિષ્ટ / અસાધારણ / અપવાદરૂપ" ગણવાને પાત્ર છે, તેની ચોકકસ વિગતો પૂરી પાડવામાં આવેલ ન હોય તેવા હુકમોના બિલો મંજૂર નહી કરવા તાબાની કચેરીઓને સૂચના આપવા તેમ જ આ પરિપત્રની નકલ તેઓને પહોંચતી કરવા વિનંતિ છે.

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, નિર્મળ ગુજરાત
ગુજ.પોલીસ ભવન, સેક્ટર - ૧૮ , ગાંધીનગર.

જી-૧ (ક્રાઇમ)/ટે-૨ / ઇનામ-પરિપત્ર/ /૨૦૦૮
તા.૧૬/૦૮/૨૦૦૮.

**વિષય:-** રાજયના પોલીસ અધિકારી/કર્મચારીઓને રોકડ ઇનામ આપવા બાબત.

**સંદર્ભ:-**(૧) ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક:મહક/૧૦૯૫/ ૮૬૬-ઇ, તા.૦૮/૦૯/૧૯૯૫.
(૨) ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક:મહક/૧૦૯૮/૫૨૮(૧)-ઇ, તા.૨૦/૦૮/૧૯૯૯.
(૩) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક:ડી/ઇનામ/૧૩૧૧/ 03, તા.૨૪/૧૨/૨003.
(૪) ગૃહ વિભાગના પત્ર ક્રમાંક: મહક/૧૦૯૮/૫૨૮(૧)-વ, તા.૨૮/૦૭/૨૦૦૮.

<u>પરિપત્ર</u>

ગુજરાત પોલીસ નિયમ સંગ્રહ ભાગ-૧ ના નિયમ ૨૬૫ તેમજ સંદર્ભ.(૧) અને (૨) માં નિર્દિષ્ટ ગૃહ વિભાગના અને સંદર્ભ (3) માં નિર્દિષ્ટ અત્રેની કચેરીના ઠરાવો/પરિપત્રથી પોલીસ ઇન્સ્પેકટર અને તેની નીચેના દરજ્જાના અધિકારી/ કર્મચારીઓને તેઓની ફરજ પ્રત્યે નિષ્ઠા/હિંમત/શૌર્ય દર્શાવવા બદલ, નાસતા ફરતા ગુનેગારોને પકડવા તેમજ ગુનાની તપાસમાં અપવાદરૂપ સારી કામગીરી માટે ઇનામો મંજુર કરવા માટેના ધારા ધોરણો નિર્ધારિત કરવામાં આવેલ છે. પરંતુ ઘણા બધા કિસ્સાઓમાં આ નિયમો/ જોગવાઇઓની અવગણના કરીને પોલીસ અધિકારી/કર્મચારીઓને તેઓની સામાન્ય ફરજના ભાગરૂપે બજાવવાની થતી રોજીંદા પ્રકારની ફરજોને પણ પ્રશંસનીય કામગીરી તરીકે ઓળખાવી ઇનામો મંજુર કર્યાના કિસ્સાઓ સરકારશ્રીના ધ્યાને આવેલ છે. નિર્ધારિત નિતી-નિયમો, ધારા ધારણોની અવગણના કરીને ઇનામો આપવામાં આવતા હોવાથી તિજોરી અધિકારીશ્રીઓ દ્વારા આવા ઇનામો અંગેના બીલો વાંધામાં લેવામાં આવે છે અને અયોગ્ય ઇનામો આપવા સબબ પોલીસ તંત્રના અધિકારીઓ સામે સરકારશ્રીને ઘણા કિસ્સાઓમાં ખાતાકિય તપાસો હાથ ધરવી પડી છે, જે વહીવટી હીતમાં નથી અને સરકારશ્રી દ્વારા તેની ગંભીર નોંધ લેવામાં આવેલ છે.

૨૮/૮/૦૮

૨ તા.૨૧/૦૫/૨૦૦૮ ના રોજ અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગનાઓના અધ્યક્ષપદે ઇનામો આપવા અંગેના નિર્ધારિત ધારા ધોરણો વિશે વિચારણા અર્થે મળેલ બેઠકમાં હાલ પ્રવર્તમાન ધારા ધારણો પુખ્ત વિચારણાના અંતે બહાર પાડવામાં આવેલ હોઇ તે પર્યાપ્ત હોવાનુ અને તેમાં કોઇ ફેરફારની આવશ્યકતા નહિ હોવાનું ઠરાવવામાં આવેલ છે આથી સર્વેનું પોલીસ નિયમ સંગ્રહ ભાગ-૧ નિયમ ૨૬૫ ની જોગવાઇઓ, સંદર્ભ.(૧) (૨) માં નિર્દિષ્ટ સરકારશ્રીના ઠરાવો તેમજ સંદર્ભ (૩) માં નિર્દિષ્ટ અત્રેની કચેરીના પરિપત્ર તરફ ધ્યાન દોરતા સર્વેને સુચના કરવામાં આવે છે કે આ નિયમ/ ધારા ધારણોનો ચુસ્તપણે અને તેના સાચા ભાવાર્થમાં જ કડક પણે અમલ થાય અને આ નિયમ/ધારા ધારણો ના માપ દંડથી યોગ્ય ઠરે તેવા જ કિસ્સામાં યોગ્ય અધિકારી/કર્મચારીને ઇનામ આપવામાં આવે તેની સર્વે અધિકારીશ્રીઓએ કાળજી રાખવાની રહેશે.

(અમિતાભ પાઠક)
પોલીસ મહાનિરીક્ષક
( ક્રાઇમ) ગુ.રા.ગાંધીનગર.

પ્રતિ,
- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ,
- તમામ પોલીસ કમિશનરશ્રીઓ,
- તમામ ખાસ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ (અત્રેની કચેરી),
- ખાસ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઓપરેશન) એ.ટી.એસ., ગુ.રા.ગાંધીનગર.
- તમામ રેન્જના વડાશ્રીઓ,
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ (પ.રેલ્વે વડોદરા સહિત),
- પોલીસ અધિક્ષકશ્રી, (વીજીલન્સ) અત્રેની કચેરી,

<u>નકલ સવિનય રવાના:-</u>
- અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ,
ગુજંરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર,
૨/- ગૃહ વિભાગના પત્ર ક્રમાંક:-મહક/૧૦૯૮/૫૨૮(૧)-વ, તા.૨૮/૦૭/૦૮.

<u>નકલ રવાના:-</u>
- નાયબ પોલીસ અધિક્ષકશ્રી, સ્ટેટ કન્ટ્રોલ રૂમ,
- ના.પો.અધિ.અને પો.મહાનિદેશકશ્રીના સ્ટાફ ઓફીસરશ્રી,
- જી-૧, જી-૨, ડી-૧, ઇ.ડી.પી.સેલ, રજીસ્ટ્રી શાખા, અત્રેની કચેરી.